RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 272 * Date: 22.07.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# 'સરકારી નોકરીઓમાં નહીં મળે અનામત...' હિંસા વચ્ચે બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો



બાંગ્લાદેશમાં અનામતને લઈને ચાલી રહેલી હિંસા વચ્ચે ત્યાંની સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો. બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટે સરકારી નોકરીઓમાં મળતી મોટાભાગની અનામતો રદ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે અનામત યથાવત્ રાખવાના નીચલી કોર્ટના ચુકાદાને પણ રદ કરી દીધો અને ૯૩ ટકા નોકરીઓ મેરિટ પર આધારિત કરવાનો આદેશ આપ્યો. હવે ૧૯૭૧ના યુદ્ધમાં ભાગ લેનારાઓના પરિવારને માત્ર પાંચ ટકા અનામત આપવામાં આવશેહાઈકોર્ટના નિર્ણયને પલટાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે લગભગ તમામ સરકારી નોકરીઓ મેરિટના આધારે આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં અનામત સુધારાને લઈને ઘણા દિવસોથી હિંસાનો દોર ચાલી રહ્યો છે જેમાં ઓછામાં ઓછા ૧૩૩ લોકોએ જીવ ગુમાવ્યા અને હજારો ઘાયલ થયા. હિંસાને જોતા વડાંપ્રધાન હસીના સરકારે સમગ્ર દેશમાં કર્ફ્યૂ લગાવી દીધો હતો.સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન વિદ્યાર્થીઓ વતી પાંચ વકીલોને દલીલો રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ સુનાવણીમાં હાજર રહેલા કુલ ૯ વકીલોમાંથી આઠ વકીલોએ હાઈકોર્ટના નિર્ણયને ઉથલાવી દેવાની વાત કરી હતી. માત્ર એક વકીલે અનામતની હિમાયત કરી હતી. બાંગ્લાદેશમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સુધારા પછી, ૧૯૭૧ના યુદ્ધમાં ભાગ લેનારાઓના પરિવારો માટે એક તૃતીયાંશ સરકારી નોકરીઓ આરક્ષિત કરવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારો માટે માત્ર ૫ ટકા સીટો અનામત રાખી શકાય છે.

બાંગ્લાદેશમાં ક્વોટા સિસ્ટમ હેઠળ ૫૬ ટકા સરકારી નોકરીઓ અનામત હતી. જેમાંથી ૩૦ ટકા ૧૯૭૧ના મુક્તિ સંગ્રામના સેનાનીઓના વંશજો માટે, ૧૦ ટકા પછાત વહીવટી જિલ્લાઓ માટે, ૧૦ ટકા મહિલાઓ માટે, ૫ ટકા વંશીય લઘુમતી સમૂહો માટે અને ૧ ટકા વિકલાંગ લોકો માટે આરક્ષિત હતા. સ્વાતંત્ર્ય સેનાનીઓના વંશજોને આપવામાં આવેલી ૩૦ ટકા અનામત સામે વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે સરકારી નોકરીમાં ૯૩ ટકા હોદ્દા પર મેરિટના આધારે નિમણૂકનો આદેશ કર્યો છે, તો ૧૯૭૧ના મુક્તિ સંગ્રામના સ્વાતંત્ર્ય સેનાનીઓના વંશજો અને અન્ય શ્રેણીઓ માટે ફક્ત સાત ટકા અનામતનો નિર્દેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં દર વર્ષે લગભગ ૩ હજાર સરકારી નોકરીઓનું સર્જન થાય છે, જેના માટે લગભગ ૪ લાખ ઉમેદવારો અરજી કરે છે.બાંગ્લાદેશમાં વર્ષ ૨૦૧૮ પણ આ જ ક્વોટા સિસ્ટમ સામે હિંસક વિદ્યાર્થીઓનું આંદોલન થયું હતું. ત્યારબાદ શેખ હસીનાની સરકારે ક્વોટા સિસ્ટમને સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો.

## 'બસ, થોડા દિવસની મહેમાન છે મોદી સરકાર...' મમતાની રેલીમાં અખિલેશ યાદવનું મોટું નિવેદન



: પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની શહીદ દિવસ રેલીના મંચ પરથી સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આજે કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. આ દરમિયાન તેમણે મોટું નિવેદન આપતા કહ્યું કે, આ સરકાર ટૂંક સમયમાં પડી જશે. કોલકાતાના ધર્મતલ્લામાં આયોજિત રેલીને સંબોધિત કરતા અખિલેશ યાદવે કહ્યું કે, આ વખતે જે લોકો સત્તામાં આવ્યા છે તેઓ થોડા દિવસના જ મહેમાન છે. આ સરકાર વધુ દિવસ નહીં ચાલશે. મોદી સરકાર બસ થોડા દિવસની મહેમાન છે. તેમણે દાવા સાથે કહ્યું કે, કેન્દ્રની સરકાર થોડા જ દિવસોમાં પડી ભાંગશે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પ્રશંસા કરતા અખિલેશ યાદવે કહ્યું કે, તેઓ જીવને જોખમમાં મૂકીને લડે છે. કેન્દ્રમાં સત્તા પર વિભાજનકારી શક્તિઓ બેઠી છે જેઓ દેશના ભાગલા પાડીને રાજ કરવા માંગે છે પરંતુ તેઓ સફળ નહીં થશે. નજીકના ભવિષ્યમાં તેમને પરાજિત કરવામાં આવશે.સપા પ્રમુખે આગળ કહ્યું કે બંગાળ અને યુપીના લોકો દેશને વિભાજિત કરનારી શક્તિઓ સામે સાથે મળીને લડ્યા. તેઓ સત્તામાં માત્ર થોડા જ દિવસના મહેમાન છે. બંગાળે તેમને હરાવ્યા, યુપી પણ આ લડાઈમાં સામેલ થયું. કેન્દ્રમાં સત્તામાં રહેલી આ સરકાર જેને લોકોની ચિંતા નથી, તે ટૂંક સમયમાં પડી જશે. તેઓ સત્તા માટે તલપાપડ છે. અમે તેમને પડતા જોઈશું અને ટૂંક સમયમાં જ ખુશીના દિવસો જોઈશું. અમે સકારાત્મક રાજનીતિમાં વિશ્વાસ કરીએ છીએ. લોકોના જીવનમાં પરિવર્તનનો સમય આવી ગયો છે. બંધારણ અને દેશને બચાવવા આપણે સૌએ એકજૂથ થવું પડશે.

## ચાંદીપુરા વાઈરસની સુરતમાં પણ એન્ટ્રી! પહેલો શંકાસ્પદ કેસ આવતા જ તંત્ર દોડતું થયું

ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન સુરતના સચિન વિસ્તારમાં રહેતી ૧૨ વર્ષની બાળકીમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના લક્ષણો જણાતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. જોકે, સુરતમાં આ પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્યતંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. મળતી માહિતી અનુસાર, રાજ્યમાં ચાંદીપુરા વાઈરસનો પ્રકોપ વધી રહ્યો છે. અનેક જિલ્લામાં ઘણાં બાળકો સંક્રમિત થઈ રહ્યા છે. જો કે, આ વાઈરસના ફેલાવવા માટે સેન્ડ ફ્લાય (માખી) જવાબદાર છે. આ પરિસ્થિતિમાં સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરાથી સંક્રમિત થતા દર્દીઓ માટે વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. ત્યારે શહેરના સચિન વિસ્તારમાં રહેતી ૧૨ વર્ષીય સંધ્યા વિશાભર સિંગને તાવમાં ખેંચ આવી હતી. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જો કે, ત્યાંથી શનિવારે (૨૦મી જુલાઈ) વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.આ બાળકીમાં ચાંદીપુરા વાઈરસના લક્ષણો જાણતા તેના સેમ્પલને ગાંધીનગર અને પુના ખાતેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. નોંધનીય છે કે, સુરતમાં આ શંકાસ્પદ ચાંદીપુરા પહેલો કેસ નોંધાયો છે. જેને લીધે આરોગ્ય વિભાગમાં ફફડાટ સાથે અધિકારી અને કર્મચારીઓ એલર્ટ મોડ પર આવી ગયા છે. ચાંદીપુરા વાઈરસની સુરતમાં પણ એન્ટ્રી! પહેલો શંકાસ્પદ કેસ આવતા જ તંત્ર દોડતું થયું ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન સુરતના સચિન વિસ્તારમાં રહેતી ૧૨ વર્ષની બાળકીમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના લક્ષણો જણાતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. જોકે, સુરતમાં આ પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્યતંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

## 'મહાકાલ નગરી' માં પણ લારી-ગલ્લા-દુકાનદારોને નેમ પ્લેટ લગાવવા મેયરનું ફરમાન



ઉત્તર પ્રદેશની સરકારે કાવડ યાત્રાના રૂટ પરના દુકાનદારો અને વિક્રેતાઓને તેની દુકાનો અને ગાડીઓ પર નેમપ્લેટ લગાવવાનો આદેશ આપ્યા પછી હવે ઉજ્જૈન મહાનગરપાલિકાએ શનિવારે દુકાન માલિકોને તેમની દુકાનોની બહાર તેમના નામ અને મોબાઈલ નંબરવાળી પ્લેટો લગાવવાનો આદેશ આપ્યો છેઉજ્જૈનના મેયર મુકેશ તતવાલે જણાવ્યું હતું કે, આ આદેશનું પહેલી વખત ઉલ્લંઘન કરવા બદલ ૨,૦૦૦ રૂપિયા અને બીજી વખત ૫,૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. આગળ મેયરે કહ્યું, આ આદેશનો હેતુ સુરક્ષા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે. તેનો હેતુ મુસ્લિમ દુકાનદારોને નિશાન બનાવવાનો નથી.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવનું વતન ઉજ્જૈન તેના પવિત્ર મહાકાલ મંદિર માટે જાણીતું છે. વિશ્વભરમાંથી શિવભક્તો અહીં મહાકાલના દર્શન કરવા માટે આવે છે. સોમવારથી શરૂ થતા શ્રાવણ માસ દરમિયાન અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે.તતવાલે જણાવ્યું હતું કે, ઉજ્જૈનની તત્કાલીન મેયર-ઇન-કાઉન્સીલે ૨૬ સપ્ટેમ્બર, ૨૦૦૨માં દુકાનદારોને પોતાના નામ દર્શાવવાને લગતા પ્રસ્તાવને મંજુરી આપી હતી. ત્યારબાદ પ્રસ્તાવ પર આવેલ સૂચનોને ઔપચારિક રીતે રાજ્ય સરકાર પાસે મોકલવામાં આવ્યા હતા. હવે તમામ ઔપચારિકતાઓ પૂર્ણ થઈ ગઈ છે. અમલીકરણમાં વિલંબ થયો હતો કારણ કે નેમપ્લેટ શરૂઆતમાં સમાન કદ અને રંગની હોવી જોઈતી હતી. અત્યારે અમે આ શરતોને હળવી કરી છે. હવે દુકાનદારો નામ અને મોબાઈલ નંબર દર્શાવશે તો પણ પર્યાપ્ત રહેશે.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, સંચાલિત એસ.વી. કોલેજ ઓફ એજ્યુકેશન કડીમાં તા. ૧૯/૦૭/૨૦૨૪ ના રોજ "ગુરુપૂર્ણિમા પર્વ" ની ઉજવણી કરવામાં આવી. તેમાં તાલીમાર્થીઓ દ્વારા ગુરૂજનોને ચંદનનું તિલક કરી ગુરુ વંદના કરેલ.સાથે ગીત, ભજન, નૃત્ય અને વક્તવ્યો રજૂ કરી ગુરુ પ્રત્યેનો ભાવ વ્યક્ત કરેલ.આ કાર્યક્રમમાં આચાર્ય શ્રી ડૉ. ભાવિક એમ. શાહ સાહેબે ગુરુની જીવનમાં ઉપયોગિતા સમજાવી આશીર્વચન આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. તેજસ એ. ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ......

### બેંક થાપણની સાથોસાથ ઈક્વિટી તરફના આકર્ષણમાં વધારો

પોતાની બચતો પર વધુ વળતર મેળવવા ભારતના પરિવારો પોતાની બચતોને બેન્ક થાપણની સાથોસાથ હવે ઈક્વિટી સાધનો તથા ઈન્વેસ્ટમેન્ટ ફન્ડસ તરફ વાળવાનું પણ પસંદ કરી રહ્યા છે. ખાપણ વૃદ્ધિ મંદ પડતા લિક્વિડિટીનો પણ પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે. બચતના નાણાં સટ્ટાકીય વેપાર તરફ વળી રહ્યાનો પણ દાવો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેન્કના રિસર્ચ રિપોર્ટ પ્રમાણે પરિવારો માટે બેન્ક થાપણો હજુ પણ પ્રથમ પસંદગી ચાલુ રહી છે પરંતુ ઈક્વિટી, વીમા અને પેન્શન ફન્ડસ જેવા સાધનોમાં પણ નાણાં રોકવા તરફ રસ વધી રહ્યો છે.રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે પણ પરિવારોની બદલાઈ રહેલી આ માનસિકતાને કારણે બેન્કોમાં લિક્વિડિટીની ખેંચ જોવા મળી રહી છે. બેન્કોમાં ધિરાણ વૃદ્ધિની સરખામણીએ થાપણ વૃદ્ધિનું સતત નીચું જોવા મળી રહ્યું છે.આરબીઆઈના રિપોર્ટ પ્રમાણે માર્ચ, ૨૦૨૩ના અંતે પારિવારિક ફાઈનાન્સિઅલ એસેટસનો આંક રૂપિયા ૩૬૩.૮૦ ટ્રિલિયન રહ્યો હતો, જે જીડીપીના ૧૩૫ ટકા જેટલો હતો. જ્યારે પરિવારોની બાકી પડેલી લાયાબિલિટીસ રૂપિયા ૧૦૧.૮૦ ટ્રિલિયન હતી જે જીડીપીના ૩૭.૮૦ ટકા રહી હતીદરમિયાન સિક્યુરિટીસ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના વડા માધબી પુરીએ જણાવ્યું હતું કે, પરિવારોની બચતો સલામત સાધનોને બદલે ફોરવર્ડ એન્ડ ઓપ્સન જેવા સટ્ટાકીય વેપાર તરફ વળી રહી છે. આવી બજારમાં પ્રવેશેલા અનેક યુવાનોએ નાણાં ગુમાવ્યા હોવાના દાખલા છે. પારિવારિક બચતો મૂડીની રચના તરફ વળવાને બદલે જોખમી વેપાર તરફ વળી રહી છે તે ચિંતાનો વિષય કહી શકાય એમ પણ તેમણે ઉમેર્યું હતું.

વાયદા બજારમાં વધી રહેલો વેપાર માર્કેટ રેગ્યુલેટર માટે ખરેખર ચિંતાનો વિષય બની રહ્યો છે. એક બાદ એક સેબી, આરબીઆઈ, નાણા મંત્રાલય આ મામલે કડક પ્રતિક્રિયાની વાત કરી રહ્યાં છે. ફરી એક વાર સેબી ચેરપર્સન માધુરી પુરી બુચે વધતા જતા વાયદા બજારના ટ્રેડિંગ અંગે ચિંતા વ્યકત કરી છે અને ખાસ કરીને અહિંયા નાના રોકાણકારોનો થતો મરો ચિંતાનો વિષય બન્યો છે.કેપિટલ માર્કેટ્સ રેગ્યુલેટર સેબીને ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ સેગમેન્ટમાં સટ્ટાકીય પ્રવૃતિઓ સામે ચેતવણી આપવાની ફરજ પડી છે. આ મુદ્દો દિવસે ને દિવસે વધુ વ્યાપક બની રહ્યો છે અને હવે અર્થતંત્રને અસર કરી રહ્યો છે. સેબી ચેરપર્સન માધબી પુરી બુચે કહ્યું કે ઘરની મહામૂલી બચત શેરબજારના સટ્ટામાં જઈ રહી છે

# રોડ શોમાં કોઇ ગરીબનું ઝૂંપડું રંગમાં ભંગ પાડે તેવું હોય તો તેને લીલા નહી પણ કેસરી રંગના કપડાંથી ઢાંકવા રાજુ રદીનો અનુરોધ!!!

શેઠાઈ,શ્રીમંતાઈ ,ધનવાન, અમીરી એ પ્રદર્શનની વસ્તુ છે. ધનવાનો જે જીવન જીવે તે અન્યો માટે ઈર્ષા અને અસૂયા બની રહે છે.શ્રીમેતો લગ્ન પાછળ લખલૂંટ ખર્ચ કરે છે. લાખો કરોડો રૂપિયા ગટરની જેમ વહાવે છે.લગ્ન માટેના કાર્ડ સની દેઓલના ઢાઈ કિલો કા હાથની જેમ અઢી કિલોના હોય છે.એમાં પણ સોના-ચાંદીના આભૂષણ,ડ્રાય ફ્રૂટ કે મિઠાઈ નિમંત્રક તરફથી મળે છે!! ડેસિટિનેશન વેડીંગ . વરરાજા કે કન્યા ચાર્ટડ હેલિકોપ્ટર કે વિમાન મારફત વેન્યપ પર એન્ટ્રી લે છે. બત્રીસ જાતના પકવાન તેત્રીસ જાતના પકવાનને ઝાંખાં પાડે તેવા વ્યંજનો લંચ-ડિનરમાં સર્વ કરવામાં આવે છે.કુબેર ઝંખવાય તેવો કરિયાવર માબાપ તેની કન્યાને કન્યાધન પેટે આપે છે!! ધનવાનો બર્થડે પણ ધામધૂમથી ઉજવે છે. એક ઉધોગપતિએ તેની પત્નીને કરોડો રૂપિયાની લકઝુરિયસ યાટ ગિફટમાં આપેલ!!જે ચલાવવાની આવડત પત્નીમાં હશે કે કેમ તે પ્રશ્ન છે!! ટુંકમાં છતના ચાળા છે! અર્થાત્ નાણાંને નબળું ગમતું નથી.

અમીરી બેશક દર્શન-પ્રદ્રશનની વસ્તુ છે!! પરંતું ગરીબી માટે આવું કહી ન શકાય. અમીરો લક્ષ્મીનારાયણ છે.ગરીબોને દરિદ્રનારાયણ કહેવામાં આવે છે,જે વાસ્તવમાં ગરીબો-ગરીબીનું હડહડતું અપમાન છે! ગરીબી હટાવવાનું સૂત્ર વહેતું કરવામાં આવેલ.અપિતું, ગરીબીને બદલે ગરીબોને હટાવવામાં આવેલ તેમ વિરોધીઓ કટાક્ષમાં કહે છે. ગરીબી નિર્મૂલન માટે આજદિન સુધીમાં કરોડો-અબજો-નિખર્વ રૂપિયા મિનરલ વોટરની જેમ વહાવવામાં આવેલ છે. છતાં, ગરીબો ઠેરના ઠેર છે!! આ રૂપિયા ગરીબોના હાથમાં આપવામાં આવેલ હોત તો ગરીબની ઝૂંપડી પર પ્લાસ્ટિક કે તાડપત્રીના બદલે સોનાના નળિયા હોત!!કૃષ્ણ ધનવાન વર્ગનું પ્રતિનિધિત્વ કરતા હતા.અપાર ઐશ્રર્યના માલિક હતા. છતાં સુદામાના તાંબૂલ છોડ્યા ન હતા!! આ વાર્તામાં સુદામાની ગરીબીનો ઉપહાસ છે!!આપણને ગરીબી નહીં પણ ગરીબો દીઠા ડોળે ગમતા નથી!! કેમ કે, ગરીબો ગંદા ગોબરા, લઘરવઘર લફડફફડ હોય છે. શરીર સ્વચ્છતાના નામે મોટું મીંડું હોય છે!! અમીર ગરીબોને ગળે લગાડવાના બદલે પૃષ્ઠ ભાગે લાત મારી ભગાડવાની ફિરાકમાં હોય છે!!સફળ લોકોની સાફલ્યગાથા ચકાસીએ તો મોટા ભાગના લોકો તેમના વતનમાંથી રોજગારી ધંધા માટે દોરી લોટો લઈ( લોટાનો બહુવિધ ઉપયોગ છે.લોટાનું તો સમજ્યા પણ દોરી લેવાનો મતલબ સમજાતો નથી!! દોરી સૂતરની હોય કે બીજી એ પણ ખબર પડતી નથી!!) મોટા શહેરમાં આવેલા.તેમણે શૂન્યમાંથી સર્જન કરેલ!! ઘણા અમીર નબીરા લાખના બે હજાર કરી એકડામાંથી શૂન્યનું સર્જન કરે છે!!! અમીરી બેશકપણે દર્શન-પ્રદર્શનની વસ્તુ છે. અપિતું, ગરીબી કે દારિદ્રય માટે દાવાપૂર્વક આમ કહી શકાય નહીં. અલબત, ગરીબીની રોકડી કરી શકાય.ભૂતકાળમાં આપણા દેશની છાપ પછાત, ગમાર,,ગરીબ, ગંદા , મદારી અને સાપનો દેશ માનવામાં આવતો હતો. સારે જહાંસે અચ્છા હિન્દોસ્તા હમારા કે ડાલ ડાલ પર સોનેકી ચિડીયા એ દિલ બહેલાવવાના ગાલિબી ખ્યાલી પુલાવ છે!! પ્રાચીન કથાઓમાં હંમેશા એક ગરીબ બ્રાહ્મણ હતો એ તકિયાકલામથી જ વાર્તાનો આરંભ થતો હતો! બ્રાહ્મણને અમીર થવાની અભિલાષા જ નથી તેવી નકારાત્મક છાપ ઉભી થતી હતી.સત્યજીત રે, ગોવિંદ નિહલાની, સાંઇ પરાંજપે જેવા ફિલ્મ સર્જકો કચકડાની પટીમાં ગરીબીને ગ્લોરીફાય કરી એવોર્ડ અને કલદાર મેળવતા હતા. મધર ઈન્ડિયા એ ગરીબીનું કારુણ્ય સભર એપિક કે મહાકાવ્ય સમાન કૃતિ હતી! પ્રેમચંદ મુન્શીની નવલિકામાં ગરીબીની ઈર્દગિર્દ વાર્તા ફરતી હતી!!

દરેક ગામ અને શહેરોમાં ઝૂંપડપટી હોય છે. ઝૂંપડપટી શહેરને થતું અસાધ્ય કેન્સર છે.ઝૂંપડપટીમા વૃદ્ધિનો ગુણધર્મ હોય છે!! ઝૂંપડપટી સંકોચન કે ક્ષયનો સ્વભાવ ધરાવતી નથી. ઝૂંપડપટી શુકલ પક્ષના ચંદ્રની માફક વધે છે ક્યાંક ક્યાંક એ શરદ પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રની માફક અસ્તિત્વ ધરાવતી હોય છે.,ધારાવીની ઝૂંપડપટી એ એશિયાની લાર્જેસ્ટ જુગ્ગી છે.જો કે હવે અમીર ગૌતમ અદાણી ધારાવીની કાયાપલટ કરવાના છે!!ગરીબ દેશના અમીર પ્રધાન સેવક, મુખ્યમંત્રીઓને ઝૂંપજપટી શહેરને થયેલ ધાધર-ખરજવું લાગે છે!! તેઓ ફોટોસેસન કરાવવા ઝૂંપડપટીમાં પહોંચી જાય છે.ગંદાગોબરા શ્યામાંગને તેડીને વહાલ કરે છે!! ફોટા પડાવે છે.પછી ઘરે જઈને બોડીનું ટોટલ સેનેટાઈઝેશન કરે છે। મંત્રી , પ્રધાનમંત્રી, મુખ્યમંત્રીને વિદેશ જેવી હાઈરાઈઝ બિલ્ડગો ગમે છે!! એરપોર્ટથી શહેરમાં જવાના રસ્તે ઝૂંપડપટી હોય તો ઝૂંપડપટી ન જોવી પડે કે ઝૂપડીપટી ન દેખાય એટલે સફેદ કે લીલા કાપડથી ઢાંકી દે છે!! (કાયમી ઉકેલ તરીકે પાકકા મકાન આપો તે વાત પૂરી થાય!!)વીઆઈપીની કાયમી અવરજવર હોય તો જુગીની ફરતે દિવાલ કરી દે છે. આ અભિગમને બિઝનેસ મેનેજમેન્ટની ભાષામાં દેખવું નહીં અને દાઝવું નહીં અભિગમ તરીકે ઓળખવામાં આવે છે!!

હમણા મધ્યપ્રદેશના મામાશ્રીએ ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે એક શિવની શહેરમાં રોડ શો કર્યો. (રોડ શો એ ભાદરવાના ભીંડા જેવી સિઝનલ એકટિવિટી છે. જો કે, હવે સતાધીશો કાંઈ કરેં કે ના કરે પણ રોડ શો તો અવશ્ય કરે છે!! એક સનરૂફ હોય એવા વાહનમાં અગર વાહનની આગલી સીટના બારણે લટકીને વીસ પચ્ચીસ કિલોમીટરનો રોડ શો કરે.સ્વયંભૂ કે ભાડૂતી ભીડ નેતાજી પર પીળા રંગના હલગોટાની પાંખડીઓ ફેંકે. નેતાજી લોકોએ તેમના પર ફેંકેલ પાંખડીઓનું મોલની જેમ કલિયરન્સ સેલની જેમ થોકબંધ પાંખડી ફેંકે. રૂપાલમાં નવરાત્રીમાં આઠમના દિવસે માતાજીની પલ્લી થયા રુપાલની શેરીઓ ઘીથી લથબથ થાય તેમ રોડ શોનું સ્થળ જીવિત પુષ્પોનું કબ્રસ્તાન હોય તેમ નિતાંત ભાસે!!) મામાના રોડ શો વચ્ચે આવતા એક ગરીબના જીર્ણશીર્ણ મકાનને લીધે રોડ શોની થાળીમાં મેખ હોવાથી મકાનને લીલા કપડાંથી ઢાકી દેવામાં આવ્યું!!લા હોલ કુવ્વત !! આવું કોમવાદી વલણ ટુકડે ટુકડે ગેંગ કે પરિવારવાદી રાષ્ટ્રદ્રોહી પાર્ટીને શોભે!!આપણને હરગીજ શોભે નહીં!!(સિધ્ધરાજ જયસિંહના માતા મીનળદેવીએ ધોળકામાં મલાવ તળાવના નિર્માણ સમયે એક વૃધ્ધાએ ઝૂંપડી ખાલી ન કરતા મીનળદેવીએ તળાવ ખાંચાવાળું બનાવી ન્યાયપ્રિયતાના દ્રશન કરાવેલ!! હવે આવી અપેક્ષા રાખવી નહીં!!)અધૂરામાં પૂરું હોય તેમ બે કલાક સુધી ઘરની બહાર ન નીકળવાનો આદેશ અપાયો!!જેના લીધે વિવાદનો મધપુડો ઉભો થયો છે!! આ ઘટનાની પબ્લિસિટી ન કરવા તાકીદ કરવામાં આવી છે. કેમ કે, આવી ઘટનાથી વિકાસના પોસ્ટર ફાટ્યું ને હીરો નીકળતો નથી પણ સ્થગિતતાનો ઝીરો નીકળે છે!!આજકાલ કેસરી રંગની બોલબોલા છે. એક હોસ્પિટલમાં સ્ટ્રેચરને કેસરી કલરના વાઘા પહેરાવેલા. પછી હો હો થઈ એટલે સ્ટ્રેચરે કેસરી રંગ સમીપે ન જવું નર્સ એવું ગાઉને સફેદ રંગત્વ પુનઃ મેળવ્યો!! વંદે ભારત ટ્રેન પણ કેસરી વાધા ધારણ કરી રહી છે. હદ તો ત્યાં થઈ ગઈ કે રાધારાણીએ મને કેસરી કલરની રોટલી, કેસરી ભીંડાનું શાક કેસરી છાશ અને કેસરી પાણીથી વાળુ એટલે ડિનર કરાવ્યું લોકો લોંગ ડ્રાઈવ કરીને હોટલમાં કેન્ડલ લાઈટ ડિનર કરે છે!! મેં સેફર્ન કલર ડિનર કર્યું!! રાજુ રદી કહે છે કે એમપી સરકારના અધિકારી પાકિસ્તાન પરસ્ત છે. આદિવાસીના ઘરને લીલા રંગથી ઢાંકીને મઝહબી હોવાનો પુરાવો આપ્યો છે. મામા હવે જ્યારે રોડ શો કરે ત્યારે ગરીબના ગંદા ઘર રોડ શોને લ્યાનત હોય તેવા સંજોગોમાં મુફલિસોના ઘર કેસરી કલરના કપડાંથી જ ઢાંકવા તેવી અધિકારીને તાકીદ કરવા મધ્યપ્રદેશના મામાશ્રીને અનુરોધ કરે છે!?

હવે દડો મામાશ્રીની કોર્ટમાં છે!! ભરત વૈષ્ણવ



## ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ઉપલેટામાં ગાયત્રી માતાજીના પૂજન અર્ચન કરી આશીર્વાદથી મેળવ્યા

# પૂજ્ય મોરારી બાપુએ ગુરુ પૂર્ણિમા નિમિત્તે ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા અંગેની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ અને બે પુસ્તકોનું અનાવરણ કર્યું

જાણીતા આધ્યાત્મિક ગુરુ અને કથાકાર પૂજ્ય મોરારી બાપુએ ૨૧મી જુલાઈ,૨૦૨૪ના રોજ ગુરુ પૂર્ણિમાના શુભ પ્રસંગે બે નવા પુસ્તકો અને એક ડોક્યુમેન્ટરી ફિલ્મનું વિમોચન કર્યું છે. આધ્યાત્મિક રજૂઆત તથા વ્યક્તિગત અનુભવોથી ભરપૂર આ લોંચ દર્શકોને આકર્ષવા તથા વ્યાપક પ્રેરણા પ્રદાન કરવાની ખાતરી આપે છે.

પૂજ્ય મોરારી બાપુએ ફિલ્મ અને પુસ્તકોના વિમોચન પ્રસંગે અત્યંત ખુશી વ્યક્ત કરી હતી અને શુભ 'યોગ' તરફ સંકેત આપ્યા હતા. ૨૧મી જુલાઈ ૨૦૨૪ના રોજ તેમની લોંચની તારીખ ૨૧મી જુલાઈ ૨૦૨૩ સાથે મેળ ખાય છે કે જ્યારે તીર્થયાત્રીઓ જાણીતા ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા શરૂ કરવા માટે કેદારનાથ પહોંચ્યા હતા.

ડોક્યુમેન્ટરી ફિલ્મઃ પૂજ્ય મોરારી બાપુની ટ્રેન દ્વારા ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા



આધ્યાત્મિક ગુરુ અને જાણીતા કથાકાર પૂજ્ય મોરારી બાપુની ૧૨ જ્યોર્તિલિંગ રામકથા યાત્રા અંગેની એક કલાકની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૩માં તેમના તથા તેમના ૧૦૦૮ અનુયાયીઓ દ્વારા શરૂ કરવામાં આવેલ તીર્થયાત્રાની સુંદરતાને આવરવામાં આવેલ છે. અનેક મહિના સુધી તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મને એક સમર્પિત ટીમ દ્વારા શૂટ કરવામાં આવેલ છે, જેમણે બે ટ્રેન પૈકી એકમાં યાત્રા કરી. તેમાં ભક્તો તથા પૂજ્ય મોરારી બાપુના વિચારો સહિત યાત્રાને લગતા તમામ મુખ્ય આકર્ષણોને જીવંત સ્વરૂપમાં દેખાડવામાં આવેલ છે.

આ ખાસ આધ્યાત્મિક અભિયાનમાં ભગવાન શિવને સમર્પિત સૌથી પવિત્ર તીર્થસ્થળઓ, ૧૨ જ્યોર્તિલિંગના પવિત્ર માર્ગોનો સમાવેશ કરવામાં આવેલ છે. ૧૮ દિવસની આ યાત્રા ૧૨,૦૦૦ કિમીના અંતર સાથે બરફથી આચ્છાદિત હિમાલયની ઊંચાઈઓથી લઈ ખૂબ સુંદર ઘાટીઓ તથા વિશાળ સમુદ્ર કિનારા સુધી ફેલાયેલી હતી. પૂજ્ય મોરારીબાપુ અને તેમના ભક્તોએ ગુજરાત સ્થિત ભાવનગર જિલ્લાના મહુવા ખાતે આવેલ તેમના પૈતૃક ગામ તલગાજરડા સ્થિત ચિત્રકુટધામ ખાતે આ ડોક્યુમેન્ટરીનું પ્રીમિયર જોયું હતું.

# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં ગુરુપૂર્ણિમાની ભકિતભાવપૂર્વક ઉલ્લાસભેર ઉજવણી



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિરે સ્વામિનારાયણબાપા સ્વામીબાપા, વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનાં દિવ્ય સાનિધ્યમાં તથા પ્રવર્તમાન જ્ઞાનમહોદોધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના આશીર્વાદ તેમજ શ્રી સ્વામિનારાયણ ગાદીના આર્ધઆચાર્યપ્રવર ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપા ના દિવ્ય આશિર્વાદ સાથે ગુરુપૂર્ણિમા પર્વની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર, આર્ષદ્રષ્ટા ગુરુદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાને શ્રી સ્વામિનારાયણ ગાદીના પરિવારમાં ગુરુનું પૂજન વેદોક્ત વિધિ અનુસાર તથા ગુરુ મહાત્મ્યનું ગુણગાન કર્યું હતું.આ પ્રસંગે મહંત સદ્ગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામીજીએ જણાવ્યું હતું કે, આ પૃથ્વી પરના દરેક માનવને પોતાના જીવનમાં પરિવર્તન લાવવાની ઈચ્છા રહેતી હોય છે પણ એ પરિવર્તનની યોગ્ય દિશા બતાવનાર અને ઉન્નતિયુક્ત પરિણામ લાવનાર તો માત્ર સાચા ગુરુ જ હોય છે. તેઓ સંસારરૂપી સાગરમાં હાલક ડોલક થતી શિષ્યની જીવન નૈયાને સ્થિર કરી ભગવાન સુધી પહોંચાડે છે. અને ભગવાનનો સાક્ષાત સંબંધ કરાવે છે. આવી સિધ્ધ ભૂમિમાં ગુરુની પાસે આધ્યાત્મિક શિક્ષણ અને સેવાનું શિક્ષણ મેળવ્યું હશે તો જ જીવનમાં અખંડ શાંતિ વર્તશે અને તો જ આપણે સાચા અર્થમાં ગુરુપૂર્ણિમા ઉજવી કહેવાય તથા આ અવસરે શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્કોટિશ પાઈપ બેન્ડે ગુરુભકિતના સૂરો રેલાવ્યા હતા. આ અવસરે રક્તદાન શિબિર પણ યોજાઈ હતી જેમાં ભાવિક હરિભક્તોએ ૧૫૧ યુનિટ રક્તદાન કર્યું હતું. આ અણમોલ અવસરનો લ્હાવો દેશ વિદેશના હરિભક્તોએ પરમ ઉલ્લાસભેર લીધો હતો.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દસક્રોઈ તાલુકાના ખોડિયાર ગામમાં નવીનીકરણ પામેલા ખોડીયાર ગ્રામ પંચાયત ભવન તેમજ મોડર્ન આંગણવાડી કેન્દ્ર-૧ના લોકાર્પણ કર્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ખોડિયાર ગામમાં નવીનીકરણ પામેલા ખોડીયાર ગ્રામ પંચાયત ભવન તેમજ મોર્ડન આંગણવાડી કેન્દ્ર-૧ના લોકાર્પણ કર્યા હતા. મોડર્ન આંગણવાડી કેન્દ્ર-૧ના લોકાર્પણ અવસરે નાના ભૂલકાઓ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

દસક્રોઈ તાલુકાના ખોડિયાર ગામનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ નવીનીકરણનું કામ દાતાશ્રી કનૈયાલાલ ત્રિભુવનદાસ ઠક્કર મારફતે મળેલા લોકફાળાથી કરવામાં આવ્યું છે. ગ્રામ પંચાયત ભવનના આ નવીનીકરણ માટે અંદાજિત રૂ. ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.ખોડિયાર ગામમાં રૂ. ૬ લાખ ૨૦ હજારના ખર્ચે તૈયાર કરાયેલી મોર્ડન સ્માર્ટ આંગણવાડી કેન્દ્ર-૧નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગામના પૂર્વ સરપંચ શ્રી બાદરજી ઠાકોરે આ આંગણવાડી કેન્?દ્રના નવીનીકરણ કરવા માટે ૧ લાખ ૨૦ હજાર રૂપિયાનું દાન આપેલું છે.આ અવસરે અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, દસક્રોઈ તાલુકાના પદાધિકારી, અધિકારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર હાઈવે પર ટેન્કરે રીક્ષાને ટક્કર મારી, દંપતીનું મોત, રીક્ષા ચાલક અને તેની પુત્રીને ઈજા પહોંચી

રાધનપુર શહેરનાં મહેસાણા હાઈવે પર મધરાત્રે એક અકસ્માત થયો હતો. ટેન્કર ચાલકે એક રીક્ષાને ટક્કર મારી હતી. જેથી રીક્ષામાં સવાર એક જ પરિવારનાં ચાર પૈકી બે લોકોના મોત થયા છે. જયારે અન્ય બે લોકોને ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યાં છે.આ અંગેની વિગતો એવી છે કે, સમી નગરમાં મફતપુરા વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા મહેબુબખાન પાઘજીખાન બલોચ ઉ.વ.૨૫ની દિકરી મુસ્કાનને પેટમાં દુખતું હોવાથી તેની સારવાર માટે તેને પોતાની રીક્ષામાં બેસાડીને રાધનપુર ખાતે મોડીરાત્રે નવેક વાગ્યાનાં સુમારે નિકળ્યા હતા. રીક્ષા ચાલક મહેબુબખાન તેમની દિકરી મુસ્કાનની સાથે મહેબલખાનનાં પિતા વાઘજી ખાન જોરાવરખાન બલોચ, બીબીબેન વાઘજીખાન રીક્ષામાં સાથે આવ્યા હતા.રાત્રે રાધનપુર ખાતે મુસ્કાનનું સોનોગ્રાફી કરાવીને તેઓ રાત્રે બારેક વાગે રીક્ષામાં પરત સમી ખાતે આવવા નિકળ્યા હતા. ત્યારે રાધનપુર મહેસાણા હાઈવે પર પેટ્રોલ પંપ સામે એક ટેન્કરનાં ચાલકે પુરઝડપે આવતું હતું. આથી રીક્ષા ચાલકે ઓવરટેક કરવા જતાં તેમની રીક્ષાનાં આગળનો ભાગ ટેન્કર અથડાતાં રીક્ષા ખેંચાઈને ચોકડીઓમાં ગઈ હતી. આ બનાવ બનતાં કોઈએ ૧૦૮ ને જાણ કરતાં રીક્ષામાં સવારે ચાલક મહેબુબખાન, તેમનાં માતા-પિતા અને દિકરી એમ ચારેય જણાને રાધનપુર રેફરલમાં અને બાદમાં તેઓને પાટણની ધારપુર સિવીલ હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન પિતા વાઘજીખાન અને માતા બીબીબેનનાં મોત નિપજયા હતાં. જયારે મહેબુબાખાનને શરીરે ડાબા પગે તથા જમાણા પગે ફેકચર થયા હતા અને દિકરી મુસ્કાનને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે પોલીસે મહેબુબખાનની ફરીયાદનાં આધારે અકસ્માત સર્જનાર ટેન્કર ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૭૧(૧), ૧૯૫(અ) અને ૧૨૫ (બી) મુજબ ગુનો નોંધ્યો હતો.

# મહેસાણા હાઇવે પર ચક્કાજામઃશોભાસણ અને લાખવડ રોડ પર પશુઓની હત્યા કરેલા અવસેસ મળી આવતાં હિન્દૂ સંગઠનોએ રસ્તો બ્લોક કર્યો





મહેસાણામાં શોભાસણ રોડ અને લાખવડ રોડ પર પશુઓની હત્યા કરેલા અવસેસ મળ્યાં છે. જેને લઈને સમગ્ર મામલે સ્થાનિક હિન્દૂ સંગઠનોએ રસ્તો રોકી ચક્કાજામ કર્યો છે. હાલમાં મહેસાણા-ગાંધીનગર લિંક રોડ પર આવેલ લાખવડ ગામ પાસેના રોડ પર મોટી સંખ્યામાં ટોળાં એકઠા થયા છે. પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યો છે. જોકે, પોલીસના સમજાવ્યા બાદ પણ ટોળા રોડ પરથી હટી નથી રહ્યાં..

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOC SS NO 353**
વિષયઃ- વિશ્ર્વાસ તુટે તો !
શીર્ષકઃ- તોફાન મચી જાય છે.

વિશ્ર્વાસ તુટે તો પછી સંબંધ ક્યાં સમજાય છે.
સ્નેહ ના દોરમાં પછી કાયમ ગાંઠ પડી જાય છે.

વિશ્ર્વાસ તુટે તો જિંદગી ક્યાં પછી જીવાય છે.
સાથ એનો છુટે પછી રોજ મરી મરી જીવાય છે.

વિશ્ર્વાસ તુટે તો પોતાનું પણ વેરી બની જાય છે.
કપટ ની આ દુનિયામાં બસ સ્વાર્થ ની જય થાય છે.

વિશ્ર્વાસ તુટે તો મૌત પછી પણ અગન રહી જાય છે.
રાખ ની જ્વાળાઓમાં એનું જ તોફાન મચી જાય છે.
કવિ :- સોલંકી પ્રકાશકુમાર. એમ (એકાંત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG - 127**
વિષય - વિશ્વાસ તૂટે રે
પ્રકાર - પદ્ય
શિર્ષક - પ્રભુ રે

દીલ માં છે વિશ્વાસ તારો
જોજે રે તૂટી જાય નાપ
આ આંખો માં જલે છે
આશા નો દિપક
જોજે રે બુજાય નાં..

વ્યથા છે ઘણી જીવન માં
તપે છે તડકા ની કાયા
છાયા ની હું વાટ જોંઉ
વરસો વરસ થી હું રાહ જોઉં

નથી સમજાતું હવે
નથી સહેવાતું હવે
કેમ કરી હું જીવતર જીવું
કોઈ ને નથી કહેવાતું હવે

ધીરજ ધરી હું બેઠો
હામ ધરી હું બેઠો છું
હવે તો ઉગાર મને
તારા ચરણે વળગ્યો છું હું

દીલ માં છે વિશ્વાસ તારો
જોજે રે તૂટી જાય નાપ
આ આંખો માં જલે છે
આશા નો દિપક
જોજે રે બુજાય નાં..

અલ્પા મહેતા.રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG : 230**
વિષય : વિશ્વાસ તૂટે તો
શબ્દો :૮૯. પ્રકાર : પદ્ય
શીર્ષક : ડરતો નથી

કોઈનો વિશ્વાસ પણ પડતો નથી
છે જખમ એવો કે એ ભરતો નથી

કોણ લે મનની વ્યથા? કોને પડી?
ખોટનો ધંધો કદી કરતો નથી

જે પહોંચી જાય ઉંચે ટોચ પર
એ જમીં ઊપર નજર કરતો નથી

લઈ જજો મારો જનાજો મસ્જિદ
એ ચહેરો જો રડે ગમતો નથી

પાપથી એનું હદય કાળું થયું
એ ખુદાથી પણ હવે ડરતો નથી

સાંભળું છું છે હિસાબ મર્યા પછી
અર્થ એ માણસ કદી મરતો નથી!!!

યાદનો કાંટો ફસાયો છે હદય
એકલો દિલ વિણ એ નીકળતો નથી

સાત સપના હું સજું સંગીતમય
તાર એ દિલનો તો ઝણઝણતો નથી

સપના વિજાપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 231**
વિષય .જો વિશ્વાસ તુટે તો
શિર્ષક. દાખલો શબ્દ.૧૩૯
પ્રકાર. પદ્ય
ના તુટિયો ના તૂટશે એ ભરોષે મે દાવ લગવ્યો છે
તું આવે તો એ વધુ મજબૂત બને !
ના આવે તો? તો આગળ કેમ વધવું?
આ પાનાંમાં મે એક દાખલો માંડ્યો છે
સરવાળા ,બાદબાકી, ગુણાકાર, ભાગાકાર બધું કરી ને જોયું
જવાબ મા તારું ફકત આગમન આવ છે
વિશ્વાસ હતો અને છે
એટલેજ મે કમાડ ખુલ્લો મૂક્યો છે
ઉંબરે કંકુ ના સાથ્યા પૂર્યા ને મૂક્યા ચોખા છે
તોરણ બાંધી ઉત્સવ કર્યો છે
આજ ની પળ ને રોકાવાનું કીધું છે .
આવે તો બે ચાર વાર્તા માંડવી છે
જેમાં રાજા રાણી ખાઈ પી ને રાજ કરે છે
હિંડોળે મે ગાદી તક્યા મૂક્યા છે
મીઠો મધુરો એ વાયરો વાયો ને
કોયલે ટહુકો કર્યો છે
જો તુટે આ વિશ્વાસ તો
આખી વાર્તા બદલાય જાય
એક ની રમત બીજા માટે કસોટી બની જાય
લેખિકા. સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGO SS 362**
વિષય : વિશ્વાસ તૂટે તો
શીર્ષક : "તરસ". પ્રકાર : પદ્ય
સાંકળની જેમ પરોવાયેલી હથેળી,
સાવ અચાનક છૂટી ગઈ......!!
હથેળી સાથે એક ગુંથાયેલ આંગળી,
કારણ વગર સરકી ગઈ.....!!
કાંડાથી લંબાઈ જોડાયેલ ખભોય,
સ્તંભ થઈ ચકરાઈ ગયો....!!
ટેકાટેક એકસાથે ફલંગયેલ પગલાં,
ડગમગ થઈ ફન્ટાઈ ગયા....!!
હતો ભવોભવનો સાથ સખણો,
કાં નભથી ધરતી ખસકી ગઈ...!!
વિશ્વાસ તૂટે તો તડતડાતડ સઘળું,
હું મને તરસતી રહી ગઈ....!!
□□□ □□□ □□□ □□□ □□□

★★

કવયિત્રીઃ હાસ્યદા પંડ્યા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO.:0185***
★વિષયઃ વિશ્વાસ તૂટે તોપ?★
★પ્રકાર : ગદ્ય (વાર્તા)★ ★શબ્દઃ૨૯૮★
★શીર્ષક : વિશ્વાસઘાત★

બે વર્ષથી માલિશનું કામ ફરવા રાજુ અમારે ત્યાં આવતો હતો ને મારી ને મારા દીકરાની માલિશ કરતો હતો.

દેવું પૂરું કરવા માટે દુબઈ જવાનો વિચાર રાજુ એ દીકરાને કહ્યો ત્યારે, દુબઈમાં રહેતા દીકરાના ઓળખીતાની મદદથી જવાની બધી પ્રક્રિયા પૂરી કરી આપી.

જે દિવસે દુબઈ જવાનું હતું એ દિવસની આગલી રાત્રે અમે બંનેએ અમારી કારમાં રાજુને બેસાડી એરપોર્ટ પર મૂકી આવ્યા. યેનકેન પ્રકારેણ રાજુ દુબઈ પહોંચી ગયો.

૪૫ મા દિવસે મારા દીકરા પર રાજુનો ફોન આવ્યો કે, મને અહીં ખાવાની બહુ તકલીફ પડે છે. મારે અહીંયા રહેવું નથી. જેવી તારી ઈચ્છા એમ દીકરાએ જણાવ્યું. કમાયેલી બધી રકમ ખાવામાં ને મોંઘી દવામાં વપરાઈ ગઈ. ઓળખાણવાળા ભાઈએ અમદાવાદની ટીકીટ પોતાના પૈસાથી કઢાવી રાજુને અમદાવાદ મોકલી દીધો. વાત હવે ચાલુ થાય છે કે, વિશ્વાસ તૂટે તોપ?

રાજુને અમદાવાદ આવે ત્રણ મહિના થઈ ગયા. જે વ્યક્તિ દુબઈ જતા પહેલા બોલતો હતો કે, તમારા બંનેના ફોટાની દુબઈમાં હું પૂજા કરીશ. તમે મારા ભગવાન છો.

ને રાજુના આવ્યા પછી અફસોસપપ
મળવા આવવાનું તો દૂર રહ્યું અમારા ફોન ઉપાડવાના બંધ કરી દીધા. બીજા નંબરથી રાજુએ અમારો ફોન ઉપાડ્યો ત્યારે મારા દીકરાએ જણાવ્યું કે, રાજુ, પૈસાની ચિંતા ના કર તું. માલિશ અમારું કરવાનું ચાલુ રાખ. હું માલિશના અડધા રોકડા આપીશ ને અડધા હિસાબમાં જમા કરીશ. સામે રાજુનો જવાબ મળ્યો કે, મળવા આવવાનો સમય મારી પાસે નથી એમ કહી ફોન કટ કર્યો.

શ્રદ્ધા તૂટે તો માણસ નાસ્તિક બની જાય ને છેવટે નિરાશામાં જીવનની અધોગતિ કરે. શ્વાસ તૂટે તો માણસ મરે ને વિશ્વાસ તૂટે તો માણસ જીવતા મરે. શબ્દોનું મૂલ્ય ના જળવાય તો વિશ્વાસ તૂટે..... વિશ્વાસ તૂટે તો કદાચ ફરીથી સંબંધો બંધાય તો સંબંધોમાં ઉષ્મા અનુભવાતી હતી તે ના અનુભવાય. ખરેખર માણસ ખાનદાન હોય, પરિસ્થિતિ વિપરીત હોય ને મદદની જરૂરત હોય છતાં, વિશ્વાસ તૂટે તોપ? આવા અનુભવો થયા હોય તો મદદ કરવાનું મન ક્યાંથી થાય ? અંતેપપ વિશ્વાસ તૂટે તો..... ? હૃદયની લાગણીના ટુકડા થાય કોઈ ઈધર ગીરા કોઈ ઉધર ગીરા.......

-દિલીપ સી. સોની ''ઝરૂખો''

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.:0101**
વિષયઃ વિશ્વાસ તૂટે તો!
પ્રકારઃ ગદ્ય શબ્દોઃ ૩૧૬
શીર્ષક : વિશ્વાસ તકલાદી નથી હોતો

વિશ્વાસ શા માટે તૂટે? વિશ્વાસ રાખીએ તો વિશ્વાસ તૂટે ને! આ તો હળવી વાત થઈ. દુન્યવી વ્યવહાર કે પ્રણય કે અંગત જીવનના વિશ્વાસની વાત સામાન્ય રીતે થતી હોય છે. વિશ્વાસને સમજણના જુદાં રંગોથી રંગીએ.
એક મિત્રને કોઈ પણ નિર્ણય લેતી વખતે સિક્કો ઉછાળીને શો જવાબ આવે છે એ જોવાની આદત હતી. અનુકૂળ જવાબ ન મળે તો અચૂક એ ફરી એક વાર સિક્કો ઉછાળે જ. આનો અર્થ એવો કે તે સિક્કો ઉછાળ્યા પછી 'હા' કે 'ના'નો જવાબ આવે તેના પર નહીં, પણ પોતાના મનને અનુકૂળ જવાબ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. આપણે 'વિશ્વાસ' શબ્દનો ઉપયોગ આપણાં મનની સગવડ પ્રમાણે કરીએ છીએ.
આ ભગવાન કેવો નિષ્ઠુર છે! એ બોલનાર જ 'મને ભગવાન પર વિશ્વાસ છે' એવા શબ્દો એક જ શ્વાસમાં બોલે છે. એ બંને તદ્દન જુદાં અંતિમો પરનાં વિધાનો છે, એ વાતથી તે અજાણ હોઈ છે! વિશ્વાસ પર જ આપણે પ્રશ્ન ચિન્હ મૂકી દઈએ છીએ.
આ એવું છે કે, "માણસ પ્રેમમાં હોય ત્યારે તેને તેની પ્રિયતમા દુનિયાની સૌથી અદભુત સ્ત્રી લાગે!" જો કે તે અસત્ય નથી કારણ કે તેને તે અદભુત લાગે તો જ તે તેના પ્રેમમાં હોય. મજનુ લયલાના પ્રેમમાં હોય એ શરીરને નહીં પ્રેમને અદભુત રૂપે જુએ છે. વિશ્વાસ સાપેક્ષ છે. પ્રેમમાં વિશ્વાસ દરેક ક્ષણે અતૂટ ન હોય ત્યારે વિશ્વાસની નાવ ડગુમગુ થાય છે.
એવી જ રીતે અજ્ઞાનતાનો વિશ્વાસ જ્ઞાન પ્રાપ્ત થતાં, સાચી સમજણ આવતાં, આપણને આપણાં પર જ ગુસ્સો
આભાર - નિહારીકા રવિયા કરાવે છે કે આવી કલંકિત વ્યક્તિ પર મેં આજ સુધી વિશ્વાસ કર્યો. આ વિશ્વાસ જ્યારે તૂટે છે ત્યારે ઉત્તપન્ન થતો ખળભળાટ, ક્ષોભ હચમચાવી નાખે છે.
વિશ્વાસ એ હવાઈ બાબત નથી. વિશ્વાસ એટલે આપણી માન્યતાની આધારશીલા. આપણી લાગણીની સચ્ચાઈ સાથે આપણને નિસ્બત છે. સાચો ભક્ત ક્યારેય ઈશ્વરને ફરિયાદ નથી કરતો. સુખમાં રાખે કે દુઃખમાં, ઈશ્વર માટેની તેની આરત બદલાતી નથી. તેવું જ પ્રિયજન માટે. કારણ એના વિશ્વાસનું આલંબન ક્યાંક ભીતર છે અને એ વિશ્વાસ તકલાદી નથી હોતો.
લેખક : ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG No 0059***
★વિષય વિશ્ર્વાસ તુટે તો ,?★
★શિર્ષક " તો હોનારત મસમોટી★
★શબ્દો ૧૪૧★
★લેખક જયકાન્ત ઘેલાણી , ★પ્યારે★
★સમગ્ર બ્રહ્માંડ મા ગુંજે તારુ આજ સુંદર નામ★
★ભરોશો-વિશ્ર્વાસ ને ટ્રસ્ટ છે તારા સુંદર નામ★
★વીશ્ર્વાસ જ્યારે ગુમાવે કોંઈ તારા મોંઘેરા અસૂલ★
★પ્યારે,તારે સહેવુ પડેજ લોકોંદદથનુ અપમાન !★
★તારા ભરોસે સમંદરે તરે,અનેક નાના મોટા જહાજ★
★સદીઓથી અમારોછે તારા પર અતૂટ વિશ્ર્વાસ★
★કદી કોંઈ તોડે છે તારા અતુટ ઝઝ મોંઘેરા અસુલ★
★માનવ જગતમા સર્વત્ર સર્જાય છે હાહાકાર★
★પ્યારે',કદી માનવ કરે માફ કોંઈ હત્યારાને★!
★કરે નહી માફ તે કદી વિસ્વાસઘાતી ને★
★★પ્યારે કરે વિંનંતિ દિલથી સૌને આજ★
★ન કરો કોંઈ કદી કોંઈનો વિશ્ર્વાસઘાત★!
★વિશ્ર્વમા વિશ્ર્વાસ જેવી કિમતિ કોંઈ વસ્તુ નહિ ને★
★પ્યારે વિશ્ર્વાસઘાત જેવુ મોટુ કોંઈ પાપ નહિ★ .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS-106**
વિષય-વિશ્વાસ તૂટે તો?
શીર્ષક- અતૂટ વિશ્વાસ જાત પર!
શબ્દ-૨૯૩
ººº

એક વિશ્વાસ!
એક બહેન દરેકને જુવે એટલે એમના ચિંતાના જ ઉદ્ગારો હોયઃતારી તબિયત તો સારી છેને?આવી નંખાયેલી કેમ લાગે છે?" પછી પોતાની હંમેશની દુઃખનીવાર્તા ચાલુ થઈ જાય.
એ પોતાના રોગમાંથી ,પોતાની તકલીફોમાંથી ક્યારે પણ બહાર નીકળતાં નથી!

★હું★ ધારીશ તે કરી શકીશ.
ગમેતે ★પરિસ્થિતિનો સામનો★ કરી શકીશ જ.
શ્યામજીકૃષ્ણ વર્મા
બત્તીનાં ટમટમીયાંનીચે રાતના બેસીને ભણ્યા.
- પગ તૂટ્યા!પણ એવરેસ્ટનાં શિખર સર કર્યાં !
-ચાવાળો આખાદેશનો પ્રધાનમંત્રી બની શકે.
-બાળપણમાં આંધળી બનેલી હેલનકેલરે બ્રેઈલ લિપિ શોધી, આખાં જગતના અંધવિદ્યાર્થીઓને એ હ્ષ્ટિજ્ઞ ક્ષ્ઌ થકી,એક નવોરાહ-
★અજવાળું★ આપ્યું.
જોકે
"હવે શું થાશે?" ★તારાથી નથાય★ ★આપણે નથાય★
એવા ભયાત્મક-નકારાત્મક વિચારના બદલે,આસપાસના લોકોએ હિમ્મત આપી વિશ્વાસ આપ્યો!
આ પરથી, એક સરસ વાત યાદ આવી.એક વખત એક ઊડતાં વિમાનમાં ગડબડ થઈ!ચાલકે ભયના આપ્યા! લોકો ડરી ગયા,રાડારાડી કરવા લાગ્યા,પણ એક બાળક એકલું એકલું પોતાનાં રમકડાંથી રમતું હતું!
વિમાન સરખું થયું.જમીન પર ઊતરાણ થયું. ગભરાયેલા લોકો શાંતિથી ઊતરી ગયા.પેલું બાળક એમ જ હતું! કોઈ મુસાફરે,આ જોઈ નવાઈથી, બાળકને પૂછ્યું:"તને વિમાનમાં બીક ના લાગી?" બાળકનો જવાબ :"વિમાનના ચાલક મારા પિતા હતા!" બાળકને જાત ઉપર પોતાના પિતા માટે વિશ્વાસ હતો!
અર્જુનના જાત વિશ્વાસે પાણીમાં જોઈ માછલી વીંધી નાખી!
કૈકેયીને પોતાના પતિ ઉપર અવિશ્વાસ પેદા થયો,
આખું રામાયણ રચાઈ ગયું.
સંતોનાં ખૂબ ઉદાહરણ છે જે ચાલતીટ્રેન અટકાવી દે!
હિમાલય પર લામાઓને ઊડતા જોયાનાં ઉદાહરણ છે.
પોતાને શ્રદ્ધા અને વિશ્વાસ હોય, તો દુનિયા ઉથલાવી શકીએ
એક પંખી માળામાં બચ્ચાંને મૂકી ચણવા જાય. એક વાર વાવાઝોડું આવ્યું, બચ્ચાં ડરી ગયાં!માએ કહ્યું:
ડરો નહિ!કાંઈ નથી થાવાનું.ખરેખર! બીજા દિવસે બધું જ સલામત હતું.
હું મારો વિશ્વાસ ખોઈશ,તો હું ક્યાંયની નહિ રહું!
રોગોનું ઘર થઈ જઈશ,કોઈ કામમાં સફળતા નહિ મળે.
કામ-ક્રોધ-લોભ-મદ-મોહ-ઈર્ષ્યાની આગમાં ખદબદીશ.
ષડ્-રિપુઓથી ભ્રમિત રહીશ!!
મુક્તિદા કુમાર
'રુપલી'




# રાજ્યની આઠ મહાનગર પાલિકામાં ભાજપાના શાસકો શહેરી નાગરિકોને લુંટી રહ્યા છે : કોગ્રેસ

રાજ્ય સરકારમાં ગાંધીનગર મહાનગર પાલિકાની સાત ખાસ સમિતિઓની દરખાસ્તને મંજૂરી બાકી હોવા છતાં આંતરિક ગજગ્રાહને ઠારવા માટે ખોટી રીતે ચેરમેન – વાઈસ ચેરમેન સહીતની જાહેરાત અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ ભાજપાની લુંટ નીતિ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, રાજ્યની આઠ મહાનગર પાલિકામાં ભાજપાના શાસકો શહેરી નાગરિકોને લુંટી રહ્યા છે. મહાનગર પાલિકાના સેવાસદનો ભાજપા શાસકોએ મેવાસદન બનાવી દીધા છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપા દ્વારા જાહેર કરવામાં આવેલ કમિટીઓનું ગુજરાત મ્યુનીસીપલ એક્ટ મુજબ કોઈ મંજૂરી હજુ સુધી રાજ્ય સરકારે આપી નથી. ભાજપાના કોર્પોરેટરનો આંતરિક ગજગ્રાહ ચરમસીમા પર છે. જેને લીધે આવી ગોઠવણ જાહેર કરવામાં આવી હોય તેવું નગરજનો ચર્ચી રહ્યા છે. ભાજપા ગુજરાતના યુવાનોને સરકારી નોકરીની "લોલીપોપ" આપીને વર્ષોથી ગુજરાત અને ગુજરાતીઓ સાથે વિશ્વાસઘાત કરી રહી છે. હવે તો ભાજપા પોતાના પક્ષના ચૂંટાયેલા કોર્પોરેટરોને પણ સરકાર દ્વારા મંજુર ના થયેલ કમિટીઓના ચેરમેન અને અન્ય પદ જાહેર કરે છે. મંજૂરી વગરની કમીટીના પદ શું છેતરપીંડી નથી ?

ભાજપા શાસિત આઠ મહાનગરોમાં મોટા પાયે ભ્રષ્ટાચારના કેન્દ્રો છે. જેમાં શહેરી નાગરિકો ઉંચા કરવેરાના બોજ નીચે લુંટાઈ રહ્યા છે.

ગુજરાતમાં ભાજપાના ભ્રષ્ટાચારી લુંટ મોડેલના કારણે સુરતના તક્ષશિલાકાંડ, વડોદરામાં હરણી બોટકાંડ, રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન કાંડ, મોરબીમાં જુલતા પુલ કાંડમાં મોટા પાયે નિર્દોષ નાગરિકો – બાળકોએ જીવ ગુમાવવા પડ્યા છે.

અમદવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના ભાજપાના પ્રભારીને મુક્ત કરવા પાછળ પણ મોટા ભેદભરમ છે. ભાજપાના પ્રભારી સાથે હિસ્સેદારીમાં ક્યાં વાંધો પડ્યો, તે ભાજપાએ જણાવવું હોઈએ. કોના ઈશારે રાતોરાત આ નિર્ણય પાછળ પણ ભાજપાની આંતરિક ખેંચતાણ ફરી એક વખત સપાટી પર આવી છે.

રાજ્યના બે કરોડ કરતા વધુ શહેરી નાગરિકોએ પાસે થી વસુલતા આડેધડ કરના નાણા સામે બેફામ લુંટ ચલાવતા ભાજપાના શાસકોએ ગુજરાતની જનતાને હિસાબ આપે કે ક્યારે પાયાની સુવિધા આપવામાં આવશે ? ક્યારે ગેરકાયદેસર બાંધકામ પર રોક લગાડવામાં આવશે ? ભયયુકત ભ્રષ્ટાચારમાંથી નાગરિકોને ક્યારે મુક્તિ આપશે ?

# લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના પ્રમુખ ફેબ્રિસિયો ઓલિવેરાની ગુજરાત મુલાકાત.: સમાજ સેવાના ક્ષેત્રે એક ઐતિહાસિક ઘટના



વિશ્વની સૌથી મોટી સેવા સંસ્થા લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ જેમાં ૧.૪ મિલિયનથી વધુ લિયો અને લાયન સભ્યો છે, જેના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ ફેબ્રિસિયો ઓલિવિરા બ્રાઝીલથી, ૧૯ થી ૨૩ જુલાઈ ૨૦૨૪ દરમિયાન ગુજરાતની મુલાકાત માટે આવ્યા છે. આ મુલાકાત દરમિયાન લાયન્સ ક્લબ અમદાવાદના આગામી પ્રોજેક્ટ લાયન્સ જનરલ હોસ્પિટલની મુલાકાત લેશે અને ૨૫ નવા ક્લબોની સ્થાપના કરશે.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના પ્રમુખ ફેબ્રિસિયો ઓલિવિરાએ સિવિલ હોસ્પિટલમાં પિડિયાટ્રિક કેન્સર વિભાગની મુલાકાત લીધી, જ્યાં તેમણે બાળકોને ઉપયોગી કીટનું વિતરણ કર્યું હતું. ત્યારબાદ તેમણે સિવિલ હોસ્પિટલ સામેના લાયન્સ ક્લબ અમદાવાદના કાયમી પ્રોજેક્ટ વિશ્રાંતિ ગ્રુહની મુલાકાત લીધી હતી. તેઓએ આ મુલાકાત દરમિયાન જરૂરીયાતમંદોને સિલાઈ મશીન અને વ્હીલચેર વિતરણ કર્યું હતું. ત્યારબાદ ઝૂન્ડાલ ખાતે લાયન્સ કિચનની ઉદઘાટન કર્યુ હતું.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના પ્રમુખ ફેબ્રિસિયો ઓલિવિરાએ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન ૨૨ જુલાઈએ લાયન્સ આઈ હોસ્પિટલ, લાયન્સ કિડની ડાયાલિસિસ સેન્ટર, લાયન્સ બ્લડ બેંક અને એલએમએલ સ્કૂલ જેવા લાયન્સ ક્લબ અમદાવાદના કેટલાક મુખ્ય પ્રોજેક્ટ્સની મુલાકાત લેશે અને તેમના આંતરરાષ્ટ્રીય સેવાકીય અનુભવો જણાવશે. તેઓ લાયન્સ ક્લબ અમદાવાદના આગામી પ્રોજેક્ટ લાયન્સ જનરલ હોસ્પિટલની દેખરેખ કરશે, જે મે ૨૦૨૫માં ન્ઐંહ્વ ગ્રાન્ટના ૨.૫ કરોડ રૂપિયાથી વધુ સહાયથી ઉદઘાટિત થશે.

એક મહત્વપૂર્ણ વિકાસમાં, ૨૫ નવી ક્લબોની સ્થાપના કરવામાં આવશે અને સંગઠનમાં ૧,૫૦૦થી વધુ નવા લાયન સભ્યોની ઉમેરણીની જાહેરાત કરવાનો ગર્વ અનુભવીએ છીએ. આ અદભૂત વૃદ્ધિ લાયન્સના સભ્યોની સમર્પણ અને પ્રતિબદ્ધતાનો પુરાવો છે અને પ્રમુખ ઓલિવેરાની મુલાકાતને યોગ્ય આવકાર આપે છે. સમાજસેવા અને સભ્યત્વ વૃદ્ધિમાં ગુજરાત હંમેશા અગ્રેસર છે, જે અમારા અડગ સમર્પણ અને સમુદાય સેવાના પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# ઇનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલી દ્વારા બેસ્ટ બસના ડ્રાઈવરોને પાણીની બોટલ અપાઈ




ઈનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલીના પ્રમુખ તેજલ મહેતા, સેક્રેટરી રિઝવાના કપૂર અને ટીમ અને ક્લબના સભ્યોએ પોઈસર બસ ડેપો ખાતે બેસ્ટ બસ ડ્રાઈવરો અને બોરીવલી (વેસ્ટ) ખાતે ઓટો રિક્ષા ડ્રાઈવરોને એસ એસ બોટલનું વિતરણ કર્યું હતું, જેમાં ઈનર વ્હીલનો લોગો હતો. એક વધુ પહેલ જે ક્લબના પર્યાવરણ પ્રત્યેના સમર્પણને પ્રતિબિંબિત કરે છે. બોટલો મેળવીને ડ્રાઈવરો અત્યંત ખુશ હતા. ક્લબનો હેતુ "પ્રકૃતિનું રક્ષણ કરો, ભવિષ્ય બચાવો" હતો.

# વરિષ્ઠ નાગરિકો માટે સંગીતનો નિઃશુલ્ક કાર્યક્રમ



કાંદિવલી વેસ્ટના અંબિકા મ્યુઝિક સ્ટુડિયોના કેતન ગાંધીના નેજા હેઠળ તાજેતરમાં સિતારે - જમીન પર - નામનો સંગીતનો નિઃશુલ્ક કાર્યક્રમ ૬૦ વયની ઉપરના વડીલો માટે મીરાં રોડના લતા મંગેશકર હોલમાં યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક લાઈવ ઓરકેસ્ટ્રા, ચા નાસ્તો અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. વરિષ્ઠ નાગરિકોએ મોટી સંખ્યામાં સંગીતનો આનંદ માણ્યો હતો.

# પાટણમાં ચાંદીપુરા વાયરસને અટકાવવા દરેક વોર્ડમાં પાવડરની ૧૦-૧૦ થેલી આપી તેનો છટકાવ કરાશ

પાટણ નગર પાલિકા પ્રમુખ હિરલ બેન પરમાર દ્વારા સ્વચ્છતા શાખનાં ચેરમેન હરેશ મોદી તથા એસ.આઈ. અને વોર્ડ ઈન્સ્પેક્ટરોની બેઠક બોલાવી હતી. આ બેઠકમા પાટણ શહેરમા ચાદીપુરા વાયરસને પગલે ખાસ ચર્ચા કરાઇ હતી. જેમા આ ચાદીપુરાનાં રોગની અટકાયત માટેના પગલાની ચર્ચા થઇ હતી.

ચાંદીપુરાનો વાયરસ ચોકના પાવડરથી કાબુમા આવતો હોવાથી હાલમા નગરપાલિકામાં સ્ટોર કરાયેલી ચૂનાની ૧૨૦૦ થેલી કે જેનું હજી લેબ ટેસ્ટીગ થયું ન હોવાથી તેને ઉપયોગમા લેવાતી નથી. પરંતુ આ થેલીઓ પૈકી ૨૦૦ થેલી પાવડરનો ઉપયોગ અત્યારે ચાદીપુરા રોગની અટકાયત માટે વાપરવાની પ્રમુખની પરવાનગી લેવાની તજવીજ કરાઇ હતી. આ ૨૦૦ થેલી માથી ૧૦-૧૦ થેલીઓ દરેક વોર્ડમા આપીને તેનો છંટકાવ કરાશે. તેવુ નક્કી થયું હતું.પાટણ શહેરનાં વહિવટને ગતિશિલ બનાવવાની કોશિશ કરી રહેલા નગરપાલિકા પ્રમુખ સાંજે તમામ શાખાઓના ચેરમેનોની સંકલનની મિટીગ બોલાવી હતી. જેમાં ઉપપ્રમુખ, દંડક, સ્વચ્છતા ચેરમેન, ભુર્ગભ ગટર ચેરમેન વગેરે હાજર રહ્યા હતા.

આ બેઠકમાં પ્રમુખે શહેરનાં તમામ પ્રશ્નોનાં નિકાલ માટે કડક સૂચનાઓ આપી હતી. શહેરના રસ્તાઓનાં ખાડા પૂરવા, ગટરો ઉભરાવાની સમસ્યાઓ તથા ગંદા પાણીના નિકાલ સહિતની પ્રશ્નોનો નિકાલ લાવવા જણાવ્યું હતું અને પ્રમુખે સ્પષ્ટ પણે સૂચના આપી હતી કે, મારે આ કામોના પરિણામો જોઈએ છે.

# શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી



ગુરુપૂર્ણિમા નિમિત્તે ગાંધીનગરના સેક્ટર ૨૫માં આવેલી શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, બાળકોના માતા પિતા, શિક્ષકો તેમજ સ્કૂલના સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંગે વાત કરતા શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ ડૉ.બેલાબેન જે. પટેલે કહ્યું કે, ગુરુપૂર્ણિમાની ઉજવણી પાછળનો વિચાર વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રેરિત કરવાનો તેમજ વિદ્યાર્થીઓમાં પોતાના માતા-પિતા અને શિક્ષકો પ્રત્યે આદર અને પ્રેમની ભાવના વિકસાવવાનો છે. આ ગુરુપૂર્ણિમા ઉજવણી કાર્યક્રમમાં અંદાજિત ૧૨૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષક તેમજ વિદ્યાર્થીઓના માતા-પિતાનું સંપૂર્ણ પરંપરાગત રીતે પૂજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર સચિવાલયનાં IAS ઓફિસરની પત્નીને ઝેરી દવા પી લેતાં સિવિલ લવાયા હતા, સારવાર દરમ્યાન મોત




ગાંધીનગરમાં સેક્ટર-૧૯ ખાતે રહેતા સિનિયર આઈએએસ ઓફિસરની પત્નીએ ગઈકાલે શનિવારે ઝેરી દવા ગટગટાવી લેતાં બેભાન અવસ્થામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેઓનું આજે સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી પોસ્ટમોર્ટમ સહીતની જરૂરી કાનૂની કાર્યવાહીની તજવીજ હાથ ધરી છે.સૂર્યાબેન રણજીત કુમાર મૂળ તમિલનાડુના વતની હોવાના કારણે પોલીસે હાલ તમિલનાડુ તેમના પરિવારનો સંપર્ક કરી સમગ્ર મામલે જાણ કરી છે. હવે તમિલનાડુથી સૂર્યાબેનના પરિવારજનો આવ્યા બાદ તેમને મૃતદેહ સોપવામાં આવશે. પાપ્ત માહિતી અનુસાર, પતિ સાથેના ચાલતાં અનબનાવ બાદ પત્નીએ ગઈકાલે દવા પીધી હોવાની ચર્ચા છેગુજરાત કેડરના ૨૦૦૫ બેચના આઈએએસ અધિકારી રણજિતકુમારનાં પત્ની સૂર્યાબેને શનિવારે સેક્ટર-૧૯ ખાતેના ઘરે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેમને ગંભીર હાલતમાં એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ લઈ જવાયાં હતાં. જ્યાં આઈસીયુમાં તેમની સારવાર ચાલી રહી હતી.હાલ ગુજરાત વીજ નિયમન પંચ (જર્ક)માં સેક્રેટરી તરીકે ફરજ બજાવતાં રણજિતકુમારનાં પત્ની સૂર્યાબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ લઈ જવાયાં હતાં. ઝેરી દવાની અસરથી તેમની હાલત ગંભીર જણાતા ફરજ પરના તબીબોએ તેમને આઈસીયુમાં દાખલ કર્યાં હતાં. જ્યારે પોલીસ અધિકારીઓ સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા, પરંતુ તેમની હાલત ગંભીર હોવાથી તેમનું નિવેદન લઈ શક્યા નહોતા. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ પણ સિવિલ પહોંચ્યા હતા, પરંતુ આઈસીયુમાં હોવાથી નિવેદન લઈ શકાયું ન હતું.બીજી તરફ આજે સવારે અચાનક તબિયત વધુ પડતી લથડી પડતાં ૯.૪૫ વાગ્યાના અરસામાં સૂર્યાબિનનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે. આ અંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણીએ કહ્યું કે, સૂર્યાબિનનું સારવાર દરમ્યાન અવસાન થયું છે. હાલમાં પોલીસ મૃતકના પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાનૂની કાર્યવાહી કરી રહી છે.

# દવાના છંટકાવ સહિતની કામગીરી:કલોલમાં દોઢ વર્ષનું બાળક ચાંદીપુરા વાઈરસની ઝપેટમાં : ૧ પોઝિટિવ, ૫ શંકાસ્પદ કેસ

પોઝિટિવ કેસને પગલે ૫૦ ઘરોમાં દવાના છંટકાવ સહિતની કામગીરી કરાઈ : મનપા વિસ્તારમાંથી ચાંદીપુરા વાઈરસનો વધુ એક શંકાસ્પદ કેસ નોંધાયો

કલોલના દોઢ માસના બાળકનો ચાંદીપુરા વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર દ્વારા ચાર ટીમો બનાવીને આસપાસના વિસ્તારોમાં દવાનો છંટકાવ કરી સર્વેલંસની કામગીરી હાથ ધરી છે. જ્યારે મહાનગરપાલિકા વિસ્તારના સેક્ટર -૧૩ માં આવેલા આઠ છાપરામાં રહેતા એક પરિવારની ૧૦ માસની બાળકીની બીમારીના લક્ષણો શંકાસ્પદ ચાંદીપુરા વાયરસ જેવા જાણતા ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ કરી છે. જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ પાંચ કેસ જ્યારે પોઝિટિવ એક કેસ નોંધાયો છે.

ગાંધીનગરમાં ચાંદીપુરા વાયરસનો પોઝિટિવ પ્રથમ કેસ કલોલ નગરપાલિકાના રેલવે પૂર્વ વિસ્તારમાં નોંધાયો છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર અશોક વૈષ્ણવે જણાવ્યું છે કે કલોલના રેલવે પૂર્વ વિસ્તારની મજુર મહાજનની ગલીમાં રહેતા પરિવારનો દોઢ વર્ષીય બાળક ગત તારીખ ૧૨મી જુલાઈના રોજ તાવની બીમારીના કારણે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. બાળકની બીમારીના લક્ષણો શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના જેવા જણાતા તેના લોહી અને મગજના પાણીના સેમ્પલને પુનાની લેબોરેટરી ખાતે મોકલ્યા હતા. બાળકનો ચાંદીપુરા વાઈરસનો રિપોર્ટ તારીખ ૧૯મી, જુલાઈ શુક્રવારના રોજ પોઝિટિવ આવતા સમગ્ર વિસ્તારમાં આરોગ્યની ચાર ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. ઉપરાંત ડીડીઓની સૂચના મુજબ સમગ્ર વિસ્તારમાં જંતુનાશક દવાનો છંટકાવ કર્યો હતો.

# માણસાના અંબોડ ગામની ખુલ્લા ખરાબાની ઝાડીઓમાંથી ૨૯ હજારના વિદેશી દારૂનાં જથ્થા સાથે બુટલેગરની ધરપકડ, બે ફરાર

માણસા તાલુકાના અંબોડ ગામની ખુલ્લા ખરાબાની ઝાડીઓમાંથી લોકલ ક્રાઈમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે અંદાજીત ૨૯ હજારની કિંમતનો વિદેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી લીધો હતો. જ્યારે અન્ય બે બુટલેગરો ફરાર થઈ ગયા હતા. આ અંગે માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.ગાંધીનગર જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિઓ અટકાવવા માટે લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ડી બી વાળાની અલગ-અલગ ટીમો પેટ્રોલીંગ કરી રહી હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, માણસાના અંબોડ ગામની ખુલ્લા ખરાબામાં આવેલ બાવળની ઝાડીઓમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેપલો કરવામાં આવી રહ્યો છે. જે હકીકત આધારે એલસીબીની ટીમ બાતમી વાળી જગ્યાએ ત્રાટકી હતી. જ્યાં વિનાયકસિંહ ઉર્ફે રાણાજી ભરતસિંહ બિહોલા (રહે. આનંદપુરા (અંબોડ) ગામ, ડેરીવાળો વાસ, તા.માણસા) મળી આવ્યો હતો. બાદમાં પોલીસે ખુલ્લા ખરાબાની જગ્યામાં તપાસ કરતા બાવળની ઝાડીઓમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો તથા બીયર ટીન મળી કુલ. ૨૮ હજારથી વધુનો જથ્થો મળી આવ્યો હતો.




આ અંગે પોલીસે કહ્યું કે, અંબોડ ગામની બાવળની ઝાડીઓમાંથી વિદેશી દારૂ સાથે વિનાયક સિંહની ધરપકડ કરી લેવાઈ છે. આ દારૂના નેટવર્કમાં જયદિપસિંહ ઉર્ફે બિલ્લો તેમજ મયુરસિંહ અજીતસિંહ અર્જુનસિંહ વાઘેલા (બન્ને રહે. લીંબોદરા) ની પણ સંડોવણી બહાર આવી છે. જેનાં પગલે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી વોન્ટેડ આરોપીઓને પકડી લેવા તજવીજ ચાલી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.